

પાનખરનું સૌંદર્ય - શહેરમાં આજકાલ વૃક્ષ પરથી ખરતા સૂકા પાન નિહાળવાનો પણ એક લ્હાવો છે... વહેલી સવારે રાજમાર્ગોની ફુટપાથ પર સૂકા પાન પવનથી કર્ણપ્રિય ધ્વનિ પ્રગટાવે છે... ઠેર ઠેર સૂકા પાંદડાના ઢગલા પાનખરના વૈભવને અભિવ્યક્ત કરે છે... ખાસ કરીને પવનથી ફુટપાથની બંને બાજુ એકઠા સૂકાયેલા પાનના નિર્માણ થતાં અવનવા આકારો નિહાળવાનું ગમે છે...

# ગાંધીનગર બેઠક પર અમિત શાહ સામે કોંગ્રેસના ડૉ. સી. જે. ચાવડા મેદાનમાં



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે કોંગ્રેસ પક્ષે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પર પસંદગી ઉતારી છે. આજે સાંજે તેમના નામની સત્તાવાર જાહેરાત કરતાં કોંગ્રેસના કાર્યકરો તેમના સદસ્ય નિવાસ ખાતેના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને અભિનંદન આપ્યા હતા.

ડૉ. ચાવડાએ જણાવ્યુ છે કે ગુરૂવારે તેઓ તેમની ઉમેદવારી કાર્યકરોની ઉપસ્થિતિ સાથે નોંધાવશે. તેમણે જણાવ્યુ હતુ કે પ્રચાર અભિયાનનો મેં તો પ્રારંભ કરી દીધો જ છે હું સામે કોણ લડે છે તેની પરવા કરતો નથી.

તેમણે કહ્યુ કે પ્રજા સ્વચ્છ અને સ્પષ્ટ ઉમેદવાર ઈચ્છે છે અને પ્રજાના આ વિશ્વાસમાં હું ખરો ઉતરીશ. મેં ધારાસભ્ય તરીકે પણ સૌને સાથે રાખવામાં સફળતા મેળવી છે અને આગામી દિવસોમાં પણ તે કામ અને મહેનત યથાવત ચાલુ રાખીશ.

ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે આ જંગ વિચારધારાનો છે. નફરત અને જુઠ્ઠાણાઓ સામે સચ્ચાઈ અને પ્રેમની લડાઈ છે.

દરમ્યાન ગુરૂવારે ગાંધીનગર શહેરમાં કોંગ્રેસ પક્ષ દ્વારા પણ રોડ શૉ યોજવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જોકે હજુ સત્તાવાર જાહેરાત થઈ નથી. મળતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લાના ગ્રામદેવતા વાસણિયા મહાદેવ ખાતે દર્શન કર્યા બાદ આ રોડ શૉ નો પ્રારંભ કરવામાં આવશે.

# ગાંધીનગર બેઠક પર વધુ પાંચ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા

## કુલ ઉમેદવારો ૧૧ થયા : હિન્દુસ્તાન નિર્માણ દળે પણ ગાંધીનગર બેઠક પર ઝુકાવ્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આજે વધુ પાંચ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં ઉમેદવારોની કુલ સંખ્યા ૧૧ થઈ છે.

આજે વિહિપથી છુટા પડેલા પ્રવિણ તોગડિયા દ્વારા રચાયેલ હિન્દુસ્તાન નિર્માણ દળના ઉમેદવાર તરીકે અમરીશભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે. રિક્ષાઓમાં સમર્થકો સાથે આવી પહોંચેલા અમરીશ પટેલે આ બેઠક પરથી ઉમેદવારી નોંધાવતાં રાજકીય વર્તુળો વધુ ઉત્તેજીત બની વહી રહ્યા છે.

બહુજન સુરક્ષા દળના નારણભાઈ તુલસીદાસ લેંગરે પણ ઉમેદવારી નોંધાવી છે.

આજે ત્રણ અપક્ષ ઉમેદવારોએ પણ તેમની ઉમેદવારી નોંધાવી છે તેમાં દેસાઈ મોતીભાઈ કે., પટેલ નિમેષભાઈ આત્મારામભાઈ અને કિરણભાઈ ભરતભાઈ પટેલનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૧૦ રૂ.ની નોટો સાથે ડિપોઝીટ ભરતાં તંત્ર ગણવામાં થાક્યુ

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે જન સત્ય પથ પાર્ટીના ઉમેદવાર નરેન્દ્રભાઈ રાવલે ઉમેદવારી તરીકેની ભરેલી ડિપોઝીટની રકમને ગણવા માટે કલેક્ટર કચેરીના ૪ કર્મચારીઓ કામે લાગ્યા હતા. નરેન્દ્રભાઈએ ઉમેદવાર તરીકે ભરવાની થતી રૂ. ૨૫ હજારની ડિપોઝીટમાં નવ હજાર રૂ. ૧૦ની નોટરૂપે જમા કરાવ્યા હતા તો ૧૬ હજાર રૂ. તેમણે મોટી નોટ્સમાં જમા કરાવ્યા હતા. રૂ. ૧૦ની નોટ્સ ગણવા માટે ચાર કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી હતી. તેમણે કહ્યુ કે આ પૈસા તેમના પરસેવાના છે અને તેમણે પરિશ્રમ કરી કમાયેલા છે. તેઓએ જે ૧૦ નોટ્સ આપી છે તે પણ છુટી છુટી હતી.

# કોંગ્રેસના વધુ ચાર ઉમેદવાર જાહેર

## એહમદ પટેલના નામને લઇને હજુ સસ્પેન્સ : અમરેલીથી પરેશ ધાનાણી, ગાંધીનગરથી સીજે ચાવડા, જામનગરથી મૂળુ કંડોરિયા અને સુરેન્દ્રનગરથી સોમાભાઇ

અમદાવાદ,તા. ૨

એક બાજુ ગુજરાતમાં લોકસભા બેઠકના મોટાભાગના ઉમેદવારોના નામો જાહેર કરી ભાજપ તેની નિર્ધારિત ચૂંટણી વ્યૂહરચના મુજબ આગળ વધી રહ્યું છે અને રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત લોકસભાની બાકીની બેઠકો માટેના ઉમેદવારોના નામોની ઝડપથી જાહેરાત થાય તે માટેની કવાયત હાથ ધરી હતી. આજે મોડી સાંજે દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડના નેજા હેઠળ કોંગ્રેસના રાષ્ટ્રીય દિગ્ગજ નેતાઓની બેઠકમાં લોકસભા ચૂંટણીને લઇ કોંગ્રેસના વધુ કેટલાક ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતની લોકસભા બેઠકો માટે કોંગ્રેસ તરફથી વધુ ચાર ઉમેદવારોના નામો જાહેર કરાયા હતા. જેમાં અમરેલીથી પરેશ ધાનાણી, ગાંધીનગરથી સી.જે.ચાવડા, જામનગરથી મૂળુ કંડોરિયા અને સુરેન્દ્રનગરથી સોમાભાઈ પટેલના નામો જાહેર કરવામાં આવ્યા છે. હવે બાકીના આઠ ઉમેદવારોના નામ એકાદ-બે દિવસમાં જાહેર કરાય તેવી શકયતા છે. ગાંધીનગર બેઠક પર ભાજપના

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓ કચેરીમાં ત્રણ હજાર વાહનોના નંબરોનુ ઠેકાણુ પડ્યુ નથી

ગાંધીનગર તા ૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી વહીવટી કામગીરી મંદ પડી ગઈ છે. અગાઉ પણ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થવાના પ્રશ્નોના લીધે વારંવાર અરજદારો ધક્કે ચઢતા હોવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા હતા. જયારે છેલ્લા ૧૫ દિવસથી આર ટી ઓ કચેરીમાં નવા વાહનોના નંબરો જ પડતા નથી. અલબત્ત નવા વાહનોને નંબરો ફાળવવાની પ્રક્રીયા પણ અટવાઈ છે. જેના લીધે ૩ હજાર જેટલા વાહનોને નંબરો ફાળવવાનુ હજુ સુધી શક્ય બન્યુ નથી. આવા સંજોગોમાં વાહનમાલિકો પણ તોબા પોકારી ગયા છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વાહનોના નંબરો પાડવાની પ્રક્રીયા છેલ્લા ૧૫ દિવસથી અટવાઈ છે. નવા વાહનોને નંબરો ફાળવવાની કામગીરી ખોરંભે પડતા વાહન માલિકો પણ મુંઝવણમાં મુકાયા છે. ગત તા ૧૪ માર્ચથી વાહનોને નંબરો ફાળવવાનુ

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના વધુ બે ઉમેદવારોની જાહેરાત

ગાંધીનગર, તા. ૨

રાજ્યની લોકસભાની ચૂંટણી માટે ભાજપે વધુ બે ઉમેદવારોની જાહેરાત મંગળવારની મોડીરાત્રે કરી હતી. મહેસાણા બેઠક પર શારદાબેન પટેલ અને સુરત બેઠક પર દર્શનાબેન જરદોશના નામની સત્તાવાર જાહેરાત પક્ષની અખરાબી યાદીમાં કરાઈ છે.

શારદાબેન પટેલ પૂર્વ ઉદ્યોગમંત્રી સ્વ. અનિલભાઈ પટેલના ધર્મપત્ની છે. અને દર્શનાબેન જરદોશ વર્તમાન સાંસદ છે. જેમને પુનઃ ટિકિટ અપાઈ છે.

હવે માત્ર અમદાવાદ પૂર્વ એક જ બેઠકની જાહેરાત કરવાની બાકી રહે છે. આમ ભારતીય જનતા પાર્ટીએ ૨૫ ઉમેદવારોની જાહેરાત કરી છે જ્યારે કોંગ્રેસે ૧૮ ઉમેદવારોની જાહેરાત કરી છે. આવતીકાલે ભાજપ બાકીના ૧ અને કોંગ્રેસ બાકીના ૮ ઉમેદવારોની જાહેરાત કરશે. ૪થી એપ્રીલ ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે.


### બેસણું



અમારા પ.પુ.પિતાશ્રી **જયંતીલાલ નાથાલાલ સુથાર** (જગુદણવાળા) ચીફ ઓડિટર GMC નું તા.૩૦/૩/૧૯ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **તેમનું બેસણું તા.૪/૪/૧૯ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

લૌકિક વ્યવહાર બંધ છે

સ્થળઃ- નર્મદે પ્લોટ નં.૮૦૮/૧, સેક્ટર-૨/સી, ઘ રોડ, ગાંધીનગર
મો.૮૦૦૦૦૨૫૧૮૩, ૯૯૦૯૧૫૬૬૯૨

અનિરુદ્ધ જયંતિલાલ ગજ્જર
બાબુલાલ નાથાલાલ સુથાર (મોટાભાઈ)
જતિનભાઈ બાબુલાલ સુથાર
જલદિપ અનિરુદ્ધ ગજ્જર

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે

લિ. રમણલાલ બાબુલાલ સુથાર (વડનગરવાળા) પરિવાર

### બેસણું



અમારા પિતાશ્રી **વિનોદકુમાર વિઠ્ઠલદાસ રામી**નું તા. ૧/૪/૨૦૧૯, સોમવાર, ફાગણ વદ-૧૧ના રોજ દુઃખદ અવસાન થયું છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૪/૪/૨૦૧૯, ગુરૂવાર, ફાગણ વદ-૧૪ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક** દરમિયાન રાખેલ છે.

સ્થળ : કોમ્યુનિટી હોલ, માર્કેટ યાર્ડની બાજુમાં, તલોદ

લિ.

અશ્વિનકુમાર વિ. રામી (ભાઈ)
સુરેશકુમાર વિ. રામી (ભાઈ)
રાજેશકુમાર વિ. રામી (ભાઈ)
સરોજબેન રજનીકાંત રામી (બહેન)
વિજયકુમાર વિ. રામી (પુત્ર)
સમીરકુમાર વિ. રામી (પુત્ર) (પત્રકાર)
સંદીપકુમાર વિ. રામી (પુત્ર)

ફર્મ : વિજય એન્ટરપ્રાઈઝ ● અશ્વિન ટ્રેડીંગ કાું.
સંપર્ક મો.નં. : ૯૪૦૮૧ ૨૮૭૧૧, ૯૯૨૪૪૪૬૬૪૫

SATYAM HOLIDAYS
Satyamholidays19@gmail.com
M. 9824737137
8141154713

હિમાચલ 9N / 10D 17,850/-*
ચારધામ 10N / 11D 19,500/-*
ગોવા 3N / 4D 7,000/-*
દૂબઇ 5N / 6D 49,999/-*

સીંગાપુર - મલેશીયા - થાઇલેન્ડ (10N / 11D) EX. AMD. 1,15,499/-*
મે-11,18,25, જુન-1,8,15,22

Office:- B/106, 1st Floor, Pramukh Arcade-2, Dholakuva-Sargasan Road, Opp. NID, Reliance Cross Road, Kudasan, Gandhinagar - 382421.

લોકસભા ચૂંટણી ૨૦૧૯
દેશનો મહા તહેવાર

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે થઇ જાઓ તૈયાર

મતદાન મથક પર ઓળખના પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે તેવા દસ્તાવેજ / ઓળખપત્ર

મતદાનની તારીખઃ ૨૩-૪-૨૦૧૯

૧ મતદાર ફોટો ઓળખકાર્ડ
૨ પાસપોર્ટ
૩ ડ્રાઇવિંગ લાઇસન્સ
૪ કેન્દ્ર/રાજ્ય સરકાર, જાહેર સાહસ તથા પબ્લિક લિમિટેડ કંપનીઓ દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેનું સર્વિસ ઓળખકાર્ડ
૫ બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલ ફોટા સહીતની પાસબુક
૬ પાન (PAN) કાર્ડ
૭ એન.પી.આર. અંતર્ગત આર.જી.આઈ. દ્વારા આપવામાં આવેલ સ્માર્ટકાર્ડ
૮ મનરેગા જોબકાર્ડ
૯ શ્રમ મંત્રાલયની આરોગ્ય વીમા યોજના અંતર્ગત આપવામાં આવેલ સ્વાસ્થ્ય વીમા સ્માર્ટકાર્ડ
૧૦ પેન્શન દસ્તાવેજ ફોટો સહીત
૧૧ સંસદસભ્યો, વિધાનસભ્યો, વિધાન પરિષદના સભ્યોને આપવામાં આવેલ સરકારી ઓળખકાર્ડ
૧૨ આધારકાર્ડ

#GoVerify
કોઈ પણ મતદાર રહી ન જાય

યાદ રાખો
ફોટો વોટર સ્લીપ ફક્ત માર્ગદર્શન માટે છે, ઓળખના પુરાવા તરીકે તેનો ઉપયોગ કરી શકાશે નહિ

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત.

ભારતનું ચૂંટણી પંચ
www.eci.gov.in
મતદાર હેલ્પલાઇન ૧૯૫૦
www.nvsp.in
હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરવા માટે


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com